# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1. **એક દેશ એક ચૂંટણી પર બનેલી સંયુક્ત સંસદીય સમિતિની બેઠક સંસદ ભવનમાં ચાલી રહી છે.**
2. **આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે જણાવ્યું છે કે UPIનાં વ્યાપક સ્વીકારને કારણે ભારત અન્ય કોઈ પણ દેશ કરતાં સૌથી ઝડપી ચૂકવણી કરે છે**
3. **મહારાષ્ટ્ર સરકારે સાર્વજનિક ગણેશોત્સવને રાજ્ય ઉત્સવ તરીકેનો સત્તાવાર દરજ્જો જાહેર કર્યો**
4. **ક્રિકેટમાં, ભારત સામેની ત્રીજી ટેસ્ટનાં બીજા દિવસે ઇંગલેન્ડ આજે 4 વિકેટે 251 રનનાં સ્કોરથી રમત આગળ ધપાવશે**
5. **બ્રાઝિલનાં રાષ્ટ્રપ્રમુખ જણાવ્યું કે, બ્રાઝિલ પણ અમેરિકા પર વળતો 50 ટકા આયાત વેરો લાદશે**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# ONE NATION ONE ELECTION

એક દેશ એક ચૂંટણી પર બનેલી સંયુક્ત સંસદીય સમિતિની બેઠક સંસદ ભવનમાં હાલમાં ચાલી રહી છે. 39 સભ્ય ધરાવતી આ સમિતિમાં 27 સભ્ય લોકસભા અને 12 સભ્ય રાજ્યસભાના છે. આ સમિતિ ભારતીય બંધારણના 129-મા સંશોધન વિધેયક 2024 અને કેન્દ્રશાસિત ક્ષેત્ર કાયદા સંશોધન વિધેયક 2024ની તપાસની વ્યાપક પ્રક્રિયાનો ભાગ છે, જેનો ઉદ્દેશ લોકસભા અને રાજ્યસભાઓ માટે એકસાથે ચૂંટણી કરાવવાનો વિચાર કરવાનો છે.

ભારતીય જનતા પાર્ટીના સાંસદ પી. પી. ચૌધરીની અધ્યક્ષતાવાળી આ સમિતિ કાયદના નિષ્ણાતો સાથે ચર્ચા વિચારણા કરી રહી છે. બેઠકમાં પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ અને ન્યાયમૂર્તિ જગદીશ સિંહ ખેહર દેશમાં એકસાથે ચૂંટણી કરાવવા મુદ્દા પર સમિતિ સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે.

**(BYTE- P. P. CHAUDHARI)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH - KERALA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસના કેરળ પ્રવાસ અંતર્ગત આજે તિરુવનંતપુરમની મુલાકાત લેશે. તેઓ રાજ્યના સાત જિલ્લાઓના વોર્ડ સમિતિના અધિકારીઓની બેઠકને સંબોધિત કરશે. તિરુવનંતપુરમમાં

પાર્ટીના નવા રાજ્ય મુખ્યાલયનું ઉદ્ઘાટન પણ કરશે. સાંજે, કેન્દ્રીય મંત્રી કન્નુર જશે અને થાલીપ્રંભ રાજરાજેશ્વરી મંદિરની મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UPI PAYMENTS INDIA

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ UPI આધારિત ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સનાં વ્યાપક સ્વીકારને કારણે ભારત અન્ય કોઈ પણ દેશ કરતાં સૌથી ઝડપી ચૂકવણી કરે છે એમ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે જણાવ્યું છે.

2016માં પ્રારંભ થયો ત્યારથી UPIનો ઝડપથી પ્રસાર થયો છે. UPI હવે પ્રતિ મહિને 18 અબજથી વધુ વ્યવહારો કરે છે અને ભારતમાં અન્ય ઇલેક્ટ્રોનિક રિટેલ પેમેન્ટ પર પ્રભુત્વ ધરાવે છે. UPI એ ઇમિડિયેટ પેમેન્ટ સર્વિસ IMPS ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર બનેલું ઇન્સ્ટન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ છે. ભારતમાં દૈનિક UPI વ્યવહારો મે મહિનાનાં 60.2 કરોડથી વધીને જૂનમાં 61.3 કરોડ થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JP NADDA POPULATION DAY

આજે વિશ્વ વસ્તી દિવસ છે. વધતી વસ્તીને કારણે ઉદ્ભવતા પડકારો અને તકો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે દર વર્ષે 11 જુલાઈના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.

આ વર્ષનું વિષય વસ્તુ છે - માતા અને બાળકના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ગર્ભાવસ્થાનો સ્વસ્થ સમય અને અંતર.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ આજે વિશ્વ વસ્તી દિવસના અવસરે જણાવ્યું છે કે માતા અને બાળકના સ્વાસ્થ્યમાં સ્વસ્થ પરિણામો પ્રાપ્ત કરવા માટે આયોજનબદ્ધ માતાપિતા બનવું જરૂરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAILWAYS NEW INSPECTION SYSTEM

રેલવેએ સલામતી વધારવા માટે મશીન વિઝન આધારિત નિરીક્ષણ પ્રણાલિ -**MVIS** સ્થાપિત કરવા માટે ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ **(DA-DFCCIL)** સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

**MVIS** એ એક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ-આધારિત અદ્યતન ટેકનોલોજીકલ સિસ્ટમ છે જે ચાલતી ટ્રેનના અંડર-ગિયરની ઉચ્ચ-રીઝોલ્યુશન છબીઓ લે છે અને કોઈપણ છૂટા અથવા ગુમ થયેલા ભાગોને શોધી કાઢે છે. જો ખામી હોય તો સિસ્ટમ ઝડપી પ્રતિભાવ અને અટકાયતી કાર્યવાહી માટે તાત્કાલિક સૂચના જારી કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## COAST GUARD RESCUE US VESSEL

ભારતીય તટ રક્ષક દળએ આજે નિકોબાર ટાપુઓથી લગભગ 53 માઇલ દક્ષિણમાં ફસાયેલા બે અમેરિકન નાગરિકોને બચાવ્યા.

ચેન્નાઈમાં, અમેરિકા વાણિજ્યિ દૂતાવાસ દ્વારા ફસાયેલા અમેરિકાના-ધ્વજવાળા સઢવાળા જહાજ 'સી એન્જલ' વિશે સંકટ સંદેશ મોકલ્યા પછી, - ભારતીય તટરક્ષક - **ICG** જહાજ રાજવીરે બચાવ કામગીરી હાથ ધરી હતી.

ભારતીય પેટ્રોલ જહાજે અમેરિકન નાગરિકોને બચાવવા માટે દરિયાઈ પરિસ્થિતિમાં પણ ભારે મહેનત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . . .

## AMARNATH-YATRA

કાશ્મીર ખીણમાં વરસાદ વચ્ચે હજારો શ્રદ્ધાળુઓ પવિત્ર અમરનાથ ગુફા મંદિરના દર્શન કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૪૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચૂક્યા છે. ગઈકાલે, યાત્રાના આઠમા દિવસે ૧૭ હજાર ૨૨ શ્રદ્ધાળુઓએ અમરનાથ ગુફાના દર્શન કર્યા હતા. આ સાથે, આ વર્ષે પવિત્ર ગુફાની મુલાકાત લેનારા શ્રદ્ધાળુઓની કુલ સંખ્યા ૧ લાખ ૪૫ હજાર ૭૧૬ પર પહોંચી ગઈ છે.

દરમિયાન, છ હજાર ચારસો ૮૨ શ્રદ્ધાળુઓનો દસમો સમૂહ આજે વહેલી સવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ભગવતી નગર બેઝ કેમ્પ જમ્મુથી રવાના થયો છે. ગઈકાલે પહેલગામમાં ભગવાન શિવની પવિત્ર લાકડી 'છડી મુબારક'ના આગમન સાથે, અમરનાથ યાત્રા સંબંધિત મુખ્ય પરંપરાગત વિધિઓ શરૂ થઈ ગઈ. આ વર્ષે ૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ઓનલાઈન નોંધણી કરાવી છે. આ યાત્રા ૯ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે.

-------------------------------------------

## MAHA- GANESHOTSAV

મહારાષ્ટ્ર સરકારે સાર્વજનિક ગણેશોત્સવને રાજ્ય ઉત્સવ તરીકેનો સત્તાવાર દરજ્જો જાહેર કર્યો છે. ગઈ કાલે રાજ્યનાં સંસ્કૃતિ મંત્રી આશિષ શેલાર દ્વારા વિધાનસભામાં આ જાહેરાત કરવામાં આવી હતી. શ્રી શેલારે

જણાવ્યું હતું કે, રાજ્યભરમાં ગણેશોત્સવનાં આયોજન અને ભવ્ય ઉજવણીને પ્રોત્સાહન આપવાનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

શ્રી શેલારે જણાવ્યું કે, સ્વતંત્રતા સેનાની લોકમાન્ય તિળકે સૌ પ્રથમ વાર 1893માં સાર્વજનિક ગણેશોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આ તહેવાર સામાજિક એકતા, રાષ્ટ્રવાદ, સ્વતંત્રતાની ભાવના, આત્મસન્માન અને અમારી ભાષાનાં ગૌરવનું પ્રતિક છે. તહેવારનાં સાંસ્કૃતિક મહત્વ પર ભાર મૂકતાં શ્રી શેલારે જણાવ્યું, ગણેશોત્સવ માત્ર તહેવાર પૂરતો મર્યાદિત નથી. તે મહારાષ્ટ્રનું સાંસ્કૃતિત ગૌરવ અને ઓળખ રજૂ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET

ક્રિકેટમાં, યજમાન ઇંગ્લેન્ડ આજે લોર્ડ્સ ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના બીજા દિવસે ભારત સામે 4 વિકેટે 251 રનના ગઇકાલના સ્કોરથી પોતાની પ્રથમ ઇનિંગની રમત ફરી શરૂ કરશે. મેચ ભારતીય સમય મુજબ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. ઇંગ્લેન્ડ હાલમાં મજબૂત સ્થિતિમાં છે. ગઈકાલે પ્રથમ દિવસની રમત પૂરી થઈ ત્યારે જો રૂટ 99 રન પર અને બેન સ્ટોક્સ 39 રન પર ક્રીઝ પર હતા.

ગઇકાલે ઇંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઓપનર બેન ડકેટ અને જેક ક્રોલી એક જ ઓવરમાં આઉટ થયા બાદ જો રૂટ અને ઓલી પોપ વચ્ચે 109 રનની મહત્વપૂર્ણ ભાગીદારી સાથે ઇંગ્લેન્ડ મજબૂત સ્થિતિમાં પહોંચ્યું હતું

ભારત માટે, નીતિશ કુમાર રેડ્ડીએ બે અને રવિન્દ્ર જાડેજા અને જસપ્રીત બુમરાહએ એક-એક વિકેટ લીધી હતી. પાંચ મેચની શ્રેણીમાં હાલ ભારત અને ઈંગ્લેન્ડ 1-1થી બરાબર પર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BRAZIL US TARIFF

બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાએ કહ્યું હતું કે જો રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બ્રાઝિલ પર 50 ટકા આયાત વેરો લાદશે તો તેઓ પણ અમેરિકા પર એટલો જ આયાત વેરો લાદશે.

બ્રાઝિલ પર આયાત વેરાની જાહેરાત એવા સમયે આવી છે જ્યારે બ્રાઝિલના ભૂતપુર્વ પ્રમુખ જૈર બોલ્સોનારો કથિત તખ્તાપલ્ટાનાં પ્રયાસ બદલ આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. શ્રી ટ્રમ્પની જાહેરાતથી એવી અટકળોએ વેગ પકડ્યો છે કે, તેઓ આર્થિક પરિબળોને કારણે નહીં પણ પોતાનાં રાજકીય સાથીનો બચાવ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD-WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વી રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં પણ દિવસભર ભારે વરસાદ પડી શકે છે. ઉત્તર પ્રદેશ, ગુજરાત, આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો , પૂર્વી મધ્યપ્રદેશ, પૂર્વી રાજસ્થાન, તમિલનાડુ, પુડુચેરી અને પૂર્વોત્તર રાજ્યોમાં આગામી બે દિવસ દરમિયાન વાવાઝોડા અને વીજળી પડવાની સંભાવના છે. હવામાન વિભાગે કહ્યું છે કે આવતીકાલ સુધી આંધ્રપ્રદેશ, આંતરિક કર્ણાટક, કેરળ, માહે, લક્ષદ્વીપ અને તેલંગાણામાં ભારે પવન ફૂંકાશે. વિભાગે આજે તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક ભાગોમાં ગરમ અને ભેજવાળા હવામાનની આગાહી કરી છે.

-------------